**ડાયરેક્ટ ❤ સે**

હું પૂછું છું કે
આજે
દુનિયામાં ક્યાં ભલાઈ ?
બુરાઈ આજે
વધી ગઈ ને
નષ્ટ થઈ છે ભલાઈ...
- કોકિલાબેન ભટ્ટ લિખિત
'ભક્તિધારા'માંથી સાભાર

## જન્મદિને વધામણી



**ગિરીશચંદ્ર તારાચંદ ઝાટકીયા**
ડિરેક્ટર, ગાંધીનગર અર્બન કો-ઓપ. બેન્ક લિ. ઉપપ્રમુખ, શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, કારોબારી સભ્ય, શ્રી કાઠિયાવાડ જૈન સમાજ, અ'વાદ
મો. ૯૦૯૯૦ ૭૩૪૪૪
૯૪૦૯૪ ૦૭૮૫૮

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### કડી સર્વ વિશ્વવિદ્યાલયની એથ્લેટીક મીટમાં

# અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજને ૧૬ મેડલ







ગાંધીનગર, તા. ૧૬
અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ખેલાડીઓએ કડી સર્વ વિશ્વવિદ્યાલયની ઍથ્લેટીક મીટમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી કૉલેજના ગૌરવમાં વધારો કર્યો છે.

હરેશ ભવાણીએ ૨૦૦ મીટર દોડ, ૮૦૦ મીટર દોડ, ઊંચી કૂદ અને ૪/૪૦૦ મીટર રીલે દોડમાં પ્રથમ વિજેતા ક્રમ મેળવી ચાર ગોલ્ડ મૅડલ જીત્યા હતા.

જયસુખ પરમારે ૧૫૦૦ મીટર દોડ અને ૪/૪૦૦ મીટર રીલે દોડમાં ગોલ્ડ, ૮૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

ભરતસિંહ ચાવડાએ ગોળાફેંક અને ૪/૧૦૦ રીલે દોડમાં ગોલ્ડ, ૪૦૦ મીટર દોડમાં સિલ્વર અને લાંબીકૂદમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ભવદીપ વાળાએ બરછી ફેંક, ૪/૪૦૦ મીટર રીલે દોડમાં ગોલ્ડ અને ઊંચીકૂદમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

પ્રિયંકા પરમારે ઊંચીકૂદમાં ગોલ્ડ, ૪/૧૦૦ મીટર દોડમાં સિલ્વર, માધુરી મકવાણાએ ચક ફેંકમાં સિલ્વર, તાન્યા ગોસ્વામીએ લાંબીકૂદમાં સિલ્વર, લંગડી ફાળકૂદકામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત ૪/૧૦૦ મીટર દોડમાં કૉલેજની ટીમ બ્રોન્ઝ મેડલ જીતી હતી. આ ટીમમાં ગુલાબ જોગરાજીયા, તાન્યા ગોસ્વામી, પ્રિયંકા રાણે, પ્રિયંકા પરમાર સામેલ હતાં.

૪/૪૦૦ મીટર દોડમાં કૉલેજની ટીમે સિલ્વર મૅડલ પ્રાપ્ત કર્યો હતો. આ ટીમમાં હિના નિનામા, દિક્ષાપ ટેલ, અવની ભૂવા અને યુક્તા પટેલ સામેલ હતા.

કૉલેજે સરવાળે ૧૬ જેટલા મેડલ આ ઈવેન્ટમાં પ્રાપ્ત કર્યા હતા. કૉલેજના ફિઝીકલ એજ્યુકેશનના પ્રૉ. ડૉ. રણછોડ રથવી અને પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ વિદ્યાર્થીઓને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

### સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ, કડી ખાતે

# સોશિયો-ઈકોનોમિક પ્રગતિ વિષયે આજે રાજયસ્તરીય સેમિનાર યોજવામાં આવશે

## 'છેલ્લા દાયકામાં ગુજરાત રાજયમાં થયેલા સામાજિક - આર્થિક વિકાસ' વિષયે સેમિનાર : અર્થશાસ્ત્રના નિષ્ણાતો ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૬
શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ હાઈવે કેમ્પસ (એવોર્ડ કોલેજ વીથ પોટેન્શિયલ ફોર એકસલન્સ XII Plan UGC)માં અર્થશાસ્ત્ર વિષયમાં- "Socio-Economics Development of Gujarat State During last decade" (છેલ્લા દાયકામાં ગુજરાત રાજયમાં થયેલા સામાજિક - આર્થિક વિકાસ) ઉપર એક દિવસીય રાજયસ્તરીય સેમિનારનું આયોજન તા. ૧૭/૨/૨૦૧૮ ના શનિવારના રોજ કરવામાં આવ્યું છે.

આ સેમિનારનું ઉદ્‌ઘાટન ડૉ.બી.એ. પ્રજાપતિ (હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિ.ના વાઈસ ચાન્સેલર) કરશે. સમારંભના મુખ્ય મહેમાન તરીકે સુભાશભાઈ શાહ (પ્રમુખશ્રી, એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી ,કડી ) ઉપસ્થિત રહેશે. ઉપરાંત પ્રૉ. ડૉ.તુષાર હાથી (અર્થશાસ્ત્રના નિષ્ણાત અને ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિ. ના પૂર્વ વાઈસ ચાન્સેલર)બીજરૂપ વકતવ્ય આપશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ડૉ. એન.ડી.પટેલ (પ્રિન્સીપાલ, ખેડબ્રહમા કોલેજ),શ્રી શૈલેષભાઈ પટેલ (એજયુકેટિવ મેમ્બર, હેમ.ઉ.ગુ.યુનિ.,પાટણ) શ્રી જશુભાઈ કંદોઈ (પ્રમુખ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ), શ્રી દેવાંગભાઈ દેસાઈ, શ્રી અશ્વિનભાઈ પરીખ, શ્રી નલીનભાઈ શાહ (મંત્રી, એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી, કડી) ખાસ ઉપસ્થિત રહી સમારંભને શોભાવશે. પ્રિન્સિપાલ ડૉ. જી. ડી. ત્રિપાઠી તથા કોલેજના અધ્યાપકો આ સમારંભને સફળ બનાવવા ખૂબ જ જહેમત કરી રહયા છે.

### સૅક્ટર-૨૧ની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં

# બૉર્ડના વિદ્યાર્થીઓ માટે પ્રેરણા વક્તવ્ય





સેકટર-૨૧,સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં એસ.એસ.સી.નાં વિદ્યાર્થીઓ માટે તા.૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ પ્રાર્થનાસર્વિસ તથા મેટા ફિઝિશ્યન ડૉ.નક્ષત્ર મેઉવાના સેમીનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરે તે માટે પ્રાર્થના સર્વિસ યોજાઇ હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે, પોતાનું ધ્યેય નક્કી કરી ઉચ્ચ સિધ્ધિ હાંસલ કરી શકે તે માટે મેટા ફિઝિશ્યન ડૉ. નક્ષત્ર મેઉવાએ વિદ્યાર્થીઓને વિવિધ ટેકનિકની સમજ આપી, પોતાનું ધ્યેય હાંસલ કરવા સતત મહેનત કરવી જોઈએ તે બાબત ની સમજૂતી આપી હતી.. આચાર્યા સિસ્ટર રેણુકાએ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં સફળતા હાંસલ કરે તેવા આશીર્વાદ આપ્યા હતા.

# યોગાસનના જિલ્લાકક્ષાના સેમિનારમાં આર જી પટેલ સ્કૂલના શિક્ષકો જોડાયા

ગાંધીનગર, તા. ૧૬
બ્રાઈટ સ્કૂલ, કરાઈ મુકામે યોગ અને આસનને લગતો બે દિવસીય સેમિનાર તાજેતરમાં યોજવામાં આવ્યો હતો, જેમાં ગાંધીનગર જિલ્લાના તમામ વ્યાયામ શિક્ષકો જોડાયા હતા.

આ સેમિનારમાં શ્રીમતી આર જી પટેલ શાળા વતી વ્યાયામ શિક્ષક હાર્દિકભાઈ એન પટેલ અને ઊર્વશીબેન જોષી જોડાયાં હતાં.

પ્રથમ દિવસે રજિસ્ટ્રેશન બાદ ડીઈઓ શ્રી બારડ દ્વારા આ સેમિનાર ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સવારે ૬થી ૯ દરમિયાન યોગ આસનનું પ્રાયોગિક કાર્ય રાખવામાં આવ્યું હતું, જેમાં સૌ સાથે જોડાયા હતા. ત્યારબાદ યોગ અને આસન બાબતે થિયરીનું લેક્ચર પણ યોજવામાં આવ્યું હતું. સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન શિક્ષકોને વિસરાતી રમતો રમાડવામાં આવી હતી.

# પોસ્ટ ગ્રેજ્યુએશનમાંથી સેન્ટ્રલાઈઝ એડમિશન સિસ્ટમ દૂર કરવા નિર્ણય

ગાંધીનગર, તા. ૧૬
ગુજરાત યુનિવર્સિટીમાં ગુરુવારે મળેલી એકેડમિક અને સિન્ડિકેટની બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં પોસ્ટ ગ્રેજ્યુએશનમાંથી સેન્ટ્રલાઈઝ એડમિશન સિસ્ટમ દૂર કરવાનો નિર્ણય કરાયો હતો. હવે પછી મેરિટના આધારે પરંતુ દરેક કોલેજો પોતાની રીતે પ્રવેશ આપે તેવી વ્યવસ્થા ગોઠવવાનું નક્કી કરાયું હતું. આ ઉપરાંત યુ.જી. એટલે કે અંડર ગ્રેજ્યુએશનમાં હાલમાં ઓનલાઈન સેન્ટ્રલાઈઝ સિસ્ટમ છે તે ચાલુ વર્ષે રાખવી કે નહીં તે મુદ્દે પુનઃવિચારણા કરવાનું નક્કી કરાયું હતું. આ સિવાય હાલમાં આર્ટસ,કોમર્સ અને સાયન્સમાં જે ૭૦ માર્કસની ત્રણ કલાકની પરીક્ષા લેવામાં આવે છે તેનો સમય ઘટાડીને બે કલાકનો કરવો જેની સામે પાંચ પ્રશ્નોના બદલે ત્રણ પ્રશ્નો અને એક પ્રશ્ન એમસીક્યુ પ્રકારનો રાખવો તેવી વિચારણા પણ હાથ ધરવામાં આવી હતી. યુનિવર્સિટીમાં પી.જી.માં ઓનલાઈન સેન્ટ્રલાઈઝ સિસ્ટમ પ્રમાણે પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ હવે પછી પી.જી.માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ જે તે કોલેજમાં જ મેરિટના આધારે પ્રવેશ મળી શકશે. એટલે કે સેન્ટ્રલાઈઝ સિસ્ટમ દૂર કરી દેવાનો મહત્વનો નિર્ણય કરાયો છે. સભ્યો દ્વારા અંડર ગ્રેજ્યુએશનમાં છેલ્લા કેટલાય વર્ષોથી ચાલતી ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમિશન સિસ્ટમ પણ દૂર કરવી જોઈએ તેવી દરખાસ્ત કરી હતી. જેના કારણે સિન્ડિકેટની બેઠકમાં આ મુદ્દે વિચારણા કરવાનું નક્કી કરાયું હતું. નોંધનીય છે કે ઓનલાઈન સિસ્ટમના કારણે અનેક પ્રકારના દૂષણો ડામી શકાયા છે પરંતુ હવે ફરીવાર યુ.જી.માંથી સેન્ટ્રલાઈઝ સિસ્ટમ દૂર કરવાની પુનઃવિચારણા કરવાનું નક્કી કરાયું છે. આ ઉપરાંત હાલમાં ૭૦ માર્કસની પરીક્ષા ત્રણ કલાકમાં લેવામાં આવે છે પરંતુ જેના કારણે લાંબા સમય સુધી પરીક્ષાઓ ચાલતી રહે છે. તેના બદલે જો બે કલાકની પરીક્ષા કરવામાં આવે તો વધારે પરીક્ષા લઈ શકાય તેવી દરખાસ્ત કરવામાં આવી હતી. પરીક્ષા ૭૦ ગુણની રહેશે પરંતુ હાલમાં જે પાંચ પ્રશ્નો ૧૪ માર્કસના પૂછવામાં આવે છે તેના બદલે ત્રણ પ્રશ્નો અને એક પ્રશ્ન એમસીક્યુ પ્રમાણે પૂછવામાં આવે તે અંગે પણ વિચારણા કરવાનું નક્કી કરાયું હતું. આ ઉપરાંત હાલમાં પી.જી. એટલે કે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં સેમેસ્ટર યથાવત રાખવાનું નક્કી કરાયું હતું. ભવિષ્યમાં યુ.જી.માંથી સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવામાં આવે તો પણ પી.જી.માં સેમેસ્ટર સિસ્ટમ યથાવત રાખવી તેવું નક્કી કરાયું હતું.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# ક્રિએટીવ ઝોન દ્વારા આજથી બે દિવસીય ચિત્ર પ્રદર્શન

## 'કલાકુંભ' અંતર્ગત તૈયાર કરાયેલાં ચિત્રોનું પ્રદર્શન અને વેચાણ સૌ માટે ખુલ્લું

ગાંધીનગર, તા. ૧૬
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ક્રિએટીવ ઝોન દ્વારા 'કલાકુંભ' કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓની આંતરિક અભિવ્યક્તિને ચિત્રકારીથી ખીલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા કેનવાસ પર પેઈન્ટિંગ કરી પોતાની સર્જનાત્મકતાને જીવંત સ્વરૂપ આપવામાં આવ્યું હતું અને અલૌકિક ચિત્રોનું સર્જન કરવામાં આવ્યું હતું.

આ ચિત્રોનું પ્રદર્શન તેમજ વેચાણ તા. ૧૭ અને ૧૮ ફેબ્રુઆરીના રોજ સવારે ૯થી સાંજે ૫ કલાક દરમિયાન પીટીસી હૉલ, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે રાખવામાં આવ્યું છે. આ પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લું છે, જેને માણવા માટે સૌ કલાપ્રેમી, ભાવકોને ક્રિએટીવ ઝોન દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પ્રદર્શન સુધી પહોંચવા માટે ગેટ નં. ૫નો ઉપયોગ કરવા સંસ્થા દ્વારા સૌને અનુરોધ કરાયો છે.

### કડીની સી.એન. આર્ટસ અને બી.ડી. કોમર્સ કોલેજના ખેલાડીઓને

# યુનિવર્સિટી ખેલકૂદ રમતોત્સવમાં ઉંચીકૂદ-ચક્રફેકમાં ગોલ્ડમેડલ



ગાંધીનગર, તા. ૧૬
શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડી, સંચાલિત સી.એન. આર્ટસ અને બી.ડી. કોમર્સ કોલેજ કડીના વિદ્યાર્થી ખેલાડીઓએ પાટણ મુકામે રમાયેલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખેલકૂદ રમતોત્સવમાં ઠાકોર જીતેન્દ્રજી આત્મારામજી (અઢાના ગામના)એ ઉંચીકૂદમાં પ્રથમ આવી ગોલ્ડમેડલ અને ઠાકોર રાહુલજી બળદેવજી (સુરજ ગામના) એ ચક્રફેક માં પ્રથમ આવી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો. તે બદલ કોલેજ પરિવાર ગૌરવ અનુભવે છે.

કોલેજના પ્રિન્સીપાલ ડૉ. જી. ડી. ત્રિપાઠી, વાઈસ પ્રિન્સીપાલ પ્રા. આઈ. બી. પટેલ, શારીરિક શિક્ષણ અધ્યાપક પ્રા. ડૉ. પ્રવીણભાઈ ચૌધરી તેમજ મંડળના ટ્રસ્ટી પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવી વધુ સફળતા મેળવવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રિન્સીપાલ ડૉ. જી.ડી. ત્રિપાઠી એ દર વર્ષની જેમ આ વર્ષે પણ યુનિવર્સિટી અને આંતર યુનિવર્સિટી કક્ષાએ ભાગ લેનાર અને શ્રેષ્ઠતા પ્રદાન કરનાર ખેલાડીઓને કોલેજ દ્વારા ટ્રેકશૂટ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. જેમાં યોગાસન અને એથ્લેટીક માટે ઠાકોર જીતેન્દ્રજી, બોલબેડમીંટનમાં સુથાર અમિત (બામરોલી ગામના) અને એથ્લેટિક – ચક્રફેકમાં ગોલ્ડમેડલ મેળવનાર ઠાકોર રાહુલજીને વાર્ષિકોત્સવ સન્માનિત કરવામાં આવશે.

# જો ગૃહલક્ષ્મી રૂઠશે તો તમારું ઘર ક્યાંથી ઊંચું આવશે ?

'ધન એટલે લક્ષ્મી. સત્‌કર્મમાં વાપરો તો તે પૂજનીય છે. પરંતુ કુકર્મમાં વાપરો, ગમે તેમ વેડફો તો ધનલક્ષ્મી નહિ, પણ તુચ્છ છે. કોઈ ગરીબ, અપંગ, નિઃસહાયને આપો તો તેનું ફળ સારું મળે. પુણ્યદાનમાં વાપરશો તો ઊગી નીકળશે. જરૂરિયાતમંદોને આપવું તે જરૂરી છે. પરંતુ ખુશામતખોરોને આપો તો તમારી લક્ષ્મી ક્યારેય પ્રસન્ન નહીં રહે. બે ઘડી વાહ વાહ કરવા જ ધનનો વ્યય કરશો ? તો તો 'ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો' એવા હાલ થાય અને ટળવળતાં છોકરાંની દશાથી તમારી ગૃહલક્ષ્મી પણ ક્યાંથી પ્રસન્ન રહેશે ? જો ગૃહલક્ષ્મી રૂઠશે તો તમારું ઘર પણ ક્યાંથી ઊંચું આવશે ? વિચાર્યું છે કોઈ દિવસ ?' આ શબ્દો લખાયા છે કોકિલાબેન ભટ્ટ લિખિત પુસ્તિકા પંચમસૂરના 'ધનલક્ષ્મી' પ્રકરણમાં.


કોકિલાબેન ભટ્ટ લિખિત ત્રણ પુસ્તિકાઓનું વિમોચન તાજેતરમાં જ થયું છે, જે પૈકીની એક પુસ્તિકા એટલે 'પંચમસૂર.' ૩૬ પાનાંની આ પુસ્તિકામાં લેખિકાએ ૨૩ જેટલાં પ્રકરણો સમાવ્યાં છે. આ પ્રકરણો હકીકતે અલગ અલગ વિષયો પરત્વે એમનાં મંતવ્યો જ છે, જે પૈકીનાં મોટાભાગનાં ગાંધીનગર સમાચારમાં 'સંવેદના' વિભાગ અંતર્ગત પ્રકાશિત થયાં છે.

મા તે મા, નિર્મળ પ્રેમ, નારી, વિરાંગના, મારી મા, મારા પપ્પા એટલે મારા પપ્પા, મારો મિત્ર મારો હમદમ, મારા ગુરુ ગૌરવશાળી, મારા પ્રેમાળ પાડોશી, મારી સ્નેહાળ સખી, યાદ દાદા-દાદીની, મારું વહાલું વતન, મારું મધુરું બાળપણ, અહંકારી મન, દેહ, ધનલક્ષ્મી, હૃદય, સ્વચ્છતા, મારી જીવનપ્રેરણા, મારી યાદગાર સ્કૂલ અને મારું પ્રિય પુસ્તક જેવા વિષયો પર લેખિકાએ મંતવ્યો લખ્યાં છે.

બીજી પુસ્તિકા છે 'ભક્તિધારા.' આ પુસ્તકમાં ભક્તિકાવ્યો ઉપરાંત દેશપ્રેમ, કુટુંબપ્રેમ, ભૂકંપ, નવસર્જન,









**પુસ્તક પરિચય**
કુંતલ નિમાવત

ઉત્તરાખંડમાં આફત જેવાં કાવ્યો ઉપરાંત 'પડકાર' નામક કાવ્યનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેના દ્વારા દેશના યુવાધનને જગાવવાનો પ્રયાસ લેખિકાએ કર્યો છે. ૩૬ પાનાંની આ પુસ્તિકામાં ૩૦ જેટલી રચનાઓ સમાવવામાં આવી છે. લેખિકાની ત્રીજી પુસ્તિકા છે 'હેઈ ! 'ણ' કોઈનો નંઈ !!' નામ પરથી જ પ્રતીત થઈ જાય છે કે આ પુસ્તિકા બાળકો માટે છે. ૩૦ પાનાંની આ પુસ્તિકામાં સરસ મજાનાં ૨૬ જેટલાં બાળકાવ્યો એમાં સમાવવામાં આવ્યાં છે.

ત્રણેય પુસ્તિકાઓની વિશેષતા એ કે તેના શરૂઆતના ભાગમાં લેખિકાએ પોતાનાં પરિવારજનોની રંગીન તસવીરો મૂકી છે. એક પુસ્તિકામાં પુત્રો અને પુત્રવધૂઓની તસવીર, બીજીમાં વડીલોની અને ત્રીજીમાં પૌત્રો-પૌત્રીઓની તસવીરો લેખિકાએ મૂકી છે, જે દર્શાવે છે કે પોતાના પરિવાર પ્રત્યે એમનું જોડાણ કેટલું મજબૂત છે ! આવા મજબૂત જોડાણના પરિપાકરૂપે આવેલા સર્જનાત્મક વિચારોએ જ આવી સુંદર ત્રણ પુસ્તિકાનું સર્જન લેખિકા કરી શક્યાં હશે એ વાત માનવા જેવી ખરી. એ નાતે ન માત્ર લેખિકા, પરંતુ એમનો સમગ્ર પરિવાર આ પુસ્તિકાઓનાં સર્જન માટે અભિનંદનનો અધિકારી છે. અને હા, પુસ્તિકાઓની બીજી વિશેષતા એ કે ત્રણેય પુસ્તિકાઓ માટે કિંમત પણ સમાન રાખવામાં આવી છે : 'આશીર્વાદ !'

**પ્રાપ્તિસ્થાન**
જયપ્રકાશ એ ભટ્ટ
ફોન - ૨૩૨૩૪૪૪૩
મો. ૯૮૨૪૩૦૩૦૧૦